# કૃષ્ણમૂતી પધ્ધતિ - તોફાન મા નુકશાન અને વિમો

પુરૂષ જાતક પ્રશ્ન નંબરઃ ૧૮૯ તાઃ ૦૧/૦૩/૨૦૦૨ સમય ૨૦ઃ ૪૫ શુક્રવાર

સ્થળ : મણીનગર/અમદાવાદ અક્ષાંશઃ ૨૩ ઉ ૦૦ રેખાંશ : ૭૨પૂ૩૭

---

તોફાન દરમ્યાન જાતક નો ફોન આવ્યોકે મારી ફેક્ટરીમા લોકોએલુંટફાટ કરીને આગલગાડી દીધી છે એમ મને સમાચાર મલ્યા છે તો કેટલુ નુકશાન થયુ હશે ? વિમો મળશે ?

જાતકે કૃષ્ણર્મુતી હોરરી નંબર-૧૮૯ આપેલ તે પ્રમાણે કુંડળી મુકતા નિચે પ્રમાણે કુંડળી આવે.

| ગ્રહ | રાશિપતિ | નક્ષત્રપતિ | ઉપપતિ | કસ્પ | ઉપપતિ |
|---|---|---|---|---|---|
| સૂર્ય | શનિ | રાહુ | શુક્ર | ૧ | ગુરૂ |
| ચંદ્ર | બુધ | ચંદ્ર | બુધ | ૨ | રાહુ |
| મંગળ | મંગળ | કેતુ | રાહુ | ૩ | રાહુ |
| બુધ | શનિ | ચંદ્ર | શુક્ર | ૪ | શુક્ર |
| ગુરૂ(વક્રી) | બુધ | રાહુ | શનિ | ૫ | મંગળ |
| શુક્ર | શનિ | ગુરૂ | શુક્ર | ૬ | ચંદ્ર |
| શનિ | શુક્ર | ચંદ્ર | ગુરૂ | ૭ | મંગળ |
| રાહુ | શુક્ર | મંગળ | શનિ | ૮ | રાહુ |
| કેતુ | મંગળ | બુધ | શનિ | ૯ | રાહુ |
| | | | | ૧૦ | કેતુ |
| | | | | ૧૧ | ચંદ્ર |
| | | | | ૧૨ | રાહુ |

**કે.પી.કસ્પ કુંડળી**




વિશોત્તરી દશા ચંદ્ર ની તાઃ ૦૪/૦૫/૨૦૦૨ ના રોજ પતે છે.

પ્રશ્ન કુંડળી મા ચંદ્ર જાતકનુ મન દર્શાવે છે.ચંદ્ર પોતાના નક્ષત્રમા અને બુધ ના ઉપમા છે.ચંદ્ર નવમે(કર્મ ની હાની) બેઠો છે. અને સાતમા(સ્વતંત્ર ધંધો) કસ્પ નો માલીક છે.ઉપપતિ બુધ પહેલેબેઠોછે અને છઠા,નવમા નો માલીક ભનેલો છે.જે ધંધા બબત નો નિંર્દેશ કરે છે.

## નીયમઃ-

**૧લા,૮મા ૧૨મા કસ્પ નો ઉપપતિ જો ૮મા કે ૧૨ મા કસ્પ નો નિંર્દેશક બનતો હોય તો અને પાપગ્રહ ની સાથે સંબંધ કરતો હોયતો જાતકને અણધારી આફત આવી પડે.૬,૮,૧૨ કસ્પ ના નિંર્દેશકો ની સંયુક્ત દશામા આવો બનાવ બને.**

**પહેલા કસ્પ નો ઉપપતિ ગુરૂ છે. તે છઠે બેઠોછે. અને ૩જા,૧૨મા નો માલીક બને છે.તેનો નક્ષત્રપતિ રાહુ છે તે પાંચમા કસ્પ મા બેઠો છે.રાહુ શુક્ર ની રાશિમા હોવાથી ૫મા અને ૧૦ મા નો માલીક થશે.તથા ઉપપતિ શનિ ૫મે બેઠો છે અને ૧લા ૨જા નો માલીક બનેછે.૧લા કસ્પ નો ઉપપતિ પોતે વક્રી છે તેથી પ્રશ્ન નુ ફળ મળે** નહીં.જાતકે પ્રશ્ન મને કેટલું નુકશાન હશે એમ પુછેલ હોવાથિ નુકશાન નહીં હોય તેમ અનુમાન થાય.વળી તે ૮મા,૧૨મા માંથિ ફક્ત ૮મા નોજ નિંર્દેશક બને છે તેથી નુકશાન સામાન્ય હશે તેમ અનુમાન થાય.

૮મા અને ૧૨ મા કસ્પ નો ઉપપતિ રાહુ છે તે મંગળના નક્ષત્રમા અને શનિ ના ઉપમા છે. રાહુ બાબત ઉપર ચર્ચા કરી છે નક્ષત્રપતિ મંગળ ૩જા કસ્પમા બેઠો છે અને ૪થા,૧૧મા નો માલીક થાય છે.૬ઠા,૯મા,૧૦મા કસ્પ પર દ્રષ્ટી કરે છે.ઉપપતિ શનિ બાબત પણ આગળ ચર્ચા કરેલી છે. આમ ૮મા અને ૧૨મા કસ્પ ના ઉપપતિ ૮મા ૧૨મા ના નિંર્દેશક થતા નથી.અને સંબંધ પણ કરતા નથી.માટે કોઇ મોટુ નુકશાન હોવા ની સંભાવના રહેતી નથી.

જાતકને આગ અને લુંટફાટ બાબત સાચાર મળેલા.કરફ્યું ના લીધે પોતે જોયેલું નહી.માટે આ સંજોગોમા મળેલ સમાચાર સાચા છે કે ખોટા તે જોવુ રહ્યું.

## નિયમઃ-

૩જા કસ્પનો ઉપપતિ જો સુર્ય,ચંદ્ર,શુક્ર,ગુરૂ સાથે સંબંધ કરતો હોય તો સમાચાર સાચા હોય અને જો મંગળ,શનિ સાથે સંબંધ કરતો હોય તો સમાચાર મશ્કરી અથવા અધૂરા હોય અને બુધ સાથે સંબંધ કરતો હોય તો સમાચાર ખોટા અથવા અધૂરા હોય.

અહિં ૩જા કસ્પ નો ઉપપતિ રાહુ છે તે મંગળ ના નક્ષત્રમા અને શનિ ના ઉપમા છે.જે સમાચાર અધુરા હોય તેમ નિંર્દેશ કરે છે.માટે જાતકને સમાચાર મલ્યાકે ફેક્ટરી સળગે છે તે સમાચાર અધુરા હોય તેમ બને.

નુકશાન બાબત વિચાર કરતા તેના માટે શાશકગ્રહો તેના યોગ્ય ક્રમ મા ગોઠવી તે ક્યા પ્રશ્નનંબર પર અમલ કરે છે તે પ્રશ્રન નંબર મુજબ નુકશાન હોય.

## શાશક ગ્રહો

દિનપતિઃ શુક્ર

લગ્નઃ ૦૫.૨૨.૫૨.૫૬ બુધ ચંદ્ર સૂર્ય

ચંદ્ર : ૦૫.૧૯.૨૩.૧૩ બુધ ચંદ્ર બુધ

શાશક ગ્રહ માના બુધ,ચંદ્ર,સૂર્ય નો અમલ પ્રશ્રન નંબર૧૨૦ પર રાશિપતિ તરીકે બુધ નક્ષત્રપતિ તરીકે ચંદ્ર અને ઉપપતિ તરીકે સૂર્ય આવે. નુકશાન સામાન્ય લાગે છે તેથી નુકશાન ને ૧૦૦ મા ગણી એ તો ૧૨૦૦૦ થાય માટે નુકશાન ૧૨૦૦૦ થી વધારે નહિં હોય તેમ અનુમાન થાય.

બીજા દિવશે જાતક ફેક્ટરી જોવા ગયા ત્યારે ખબર પડી કે તેમની ફેક્ટરીમા ફક્ત લુંટફાટ જ થયેલી થોડા કાગળો બહાર બાળેલા.પણ તેમની ઉપરની બીજાની ફેક્ટરી સંપુર્ણ બળીગયેલી.જેથી અનુમાન કરેલ કે નુકશાન ઓછું હશે અને સમાચાર અધુરા હશે તે બન્ને બાબતો નિયમ મુજબ ખરી નિકળી.

## નીયમઃ

૮મા કસ્પ નો ઉપપતિ જો ૨,૬,૧૧ નો નિંર્દેશક બનતો હોય તો ૨,૬,૧૧ મા કસ્પ ની સંયુક્ત દશામા વિમા ની રકમ મળે.

વિમા બાબત નો વિચાર કરતા ૮મા કસ્પ નો ઉપપતિ રાહુ છે તે તેના માટે આગળ વિચાર કરેલ છે.તે ૬ઠા અને ૧૧મા નો

ર્નિદેશક બને છે તેથી વિમો ૫રે પુરો મળશે.

**ર્નિદેશકો:-**

૨: સૂર્ય,શુક્ર,શનિ,ગુરૂ
૬: શુક્ર,ગુરૂ,કેતુ.બુધ,મંગળ
૧૧: મંગળ,કેતુ,રાહુ,શનિ

ચંદ્ર ની દશા તાઃ ૦૪/૦૫/૨૦૦૨ સુધિ ચાલે છે તેમા વિમો મળશે નહીં કારણ કે ચંદ્ર ર્નિદેશકો મા નથી.ત્યાર બાદ મંગળની દશા આવે તેમા વિમાનો ચેક મળે તેમ અનુમાન કરેલ હકિકતે તાઃ ૨૯/૦૭/૨૦૦૨ ના દિવશે જાતક ને પુરે પુરા નુકશાન નો વિમાનો ચેક મળિ ગયો.

**કનકકુમાર બી.બોસમીયા**
**સહકાર-૨.ફ્લેટ નંબર :૨૮**
**જગાભાઈ પાર્ક,રામબાગ**
**મણિનગર ,અમદાવાદ-૩૮૦ ૦૦૮**
**ફોન : ૨૫૪૩ ૧૧૬૫**
**મોબાઈલ: ૯૮૨૫૧૩૧૧૬૫**
**e-mail : kanbosastro@hotmail.com**